नमो नमो निम्मलदंसणस्स

‘આગમ-યાત્રા’ **‘આગમ-યાત્રા’** ‘આગમ-યાત્રા’

આગમદિવાકર **મુનિ દીપરત્નસાગર** [ M.Com., M.Ed., Ph.D.]

**✷ आगमनो व्यवहारु अर्थ ●➔**

● આવો આપણે સાથે મળીને આગમ-યાત્રા આરંભીએ. યાત્રા કોની કરવાની છે? ‘આગમ’ની. આ ‘આગમ’ શું છે? જૈન શાસ્ત્રોને ‘આગમ’ કહે છે. જે સ્થાન હિન્દુઓમાં ‘વેદ’ અથવા ભગવદ્ -ગીતાનું, ખ્રિસ્તીઓમાં ‘બાઈબલ’નું, કે મુસ્લીમોમાં ‘કુરાન’નું છે, તેવું સ્થાન જૈનોમાં આગમનું છે.

આ તો થયો ‘આગમ’નો વ્યવહારુ અર્થ, પરંતુ શાસ્ત્રીય અર્થમાં ‘આગમ’ની વ્યાખ્યા શું કરેલ છે?

**✷ आगमनो शास्त्रीय अर्थ ●➔**

[1]આચાર્યોની (ગુરુઓની) પરંપરાથી આવેલ અથવા આપ્ત (તીર્થંકરના) વચનોને આગમ કહે છે.

[2]આગમ એટલે વિધિપૂર્વક પ્રરૂપણા કરવાથી જેના વડે અર્થો જણાય તે [શ્રુત] અથવા સકલ શ્રુત-વિષયમાં વ્યાપ્ત હોવાથી જેના વડે જી વાદિ પદાર્થોનું જ્ઞાન અથવા અર્થનું સમ્યક્ જ્ઞાન થાય તે આગમ.

[3]અર્થથી તીર્થંકરે પ્રરૂપિત અને સૂત્રરૂપે ગણધર, પ્રત્યેકબુદ્ધ, સ્થવિર, ચૌદપૂર્વધર કે દશ-પૂર્વધર દ્વારા ગુંથેલ હોય તે પ્રમાણભૂત સૂત્ર (આગમ) કહેવાય.

**✷ आगम [द्वादशांगी] नो उद्भव ●➔**

આગમનો એક ભેદ - લોકોત્તરિક આગમ છે. લોકોત્તરિક આગમ એટલે [4]“ઉત્પન્નજ્ઞાન-દર્શનના ધારક, અતીત-વર્તમાન-અનાગતના જ્ઞાતા......અરિહંતો દ્વારા પ્રણિત આચારાંગ થી દૃષ્ટિવાદ સુધીની દ્વાદશાંગી.

અનંતા તીર્થંકરો થયા, તે પ્રત્યેકના ગણધરોએ દ્વાદશાંગી રચી છે. તેથી પ્રવાહથી શાશ્વત દ્વાદશાંગીની ઉત્પત્તિ પ્રત્યેક ‘તીર્થંકર’ અપેક્ષાએ અલગ અલગ હોય. તેથી આપણે જેમનું શાસન પામ્યા છીએ તે ભગવંત મહાવીરના શાસનમાં પણ દ્વાદશાંગી પુન: ઉત્પત્તિ પામે છે. તે કારણે ભગવંત મહાવીરના શાસનની અપેક્ષાએ દ્વાદશાંગી (અંગપ્રવિષ્ટ-શ્રુત રચનાનો) ઇતિહાસ જોઈશું.

◆ [5]તે વૈશાખ સુદ ૧૧નો પનોતો દિવસ હતો, વૈશાખ સુદ-દશમે કેવળજ્ઞાન પામેલ પ્રભૂ મહાવીર જ્ઞાન-પ્રાપ્તિ સ્થળથી ૧૨ યોજન દૂર મધ્યમાનગરી પાસેના મહસેન-વન ઉદ્યાનમાં પધારેલા હતા.

ભવનપતી, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવોનું સર્વઋદ્ધિ અને ત્રણે પર્ષદા સહીત આગમન થઇ ચૂક્યું હતું. અપ્સરાગણ પણ આવેલ. તેઓએ શાશ્વત આચાર સમજી ભગવંતનો જ્ઞાનોત્પત્તિ મહિમા કરી, સૂર્યોદયે મહાવીરપ્રભૂનું બીજું સમવસરણ રચ્યું. પ્રથમ પોરિસી કાળ હતો. પ્રભૂ સમવસરણમાં પધાર્યા, દેવો જયજય-કાર કરતા હતા દિવ્યદુંદુભીનો નાદ ગુંજતો હતો, તે દિવ્યઘોષ સાંભળીને ઇન્દ્રભૂતિ-ગૌતમ આદિ બ્રાહ્મણો ભગવંત પાસે આવ્યા-x-x-x- ભાગવતી દીક્ષા સ્વીકારી.

**❅ [6]मातृकापद, त्रण निष द्या त्रिपदी ●➔**

દીક્ષા લીધા પછી એ ગણધરનામકર્મ બાંધ્યું હોય તેવા જીવો તીર્થંકરને પ્રણિપાત (પ્રદક્ષિણા) કરીને પ્રશ્ન કરેછે- **भयवं किं तत्तं?** (ભગવન્ ! તત્વ શું છે?) તીર્થંકર ઉત્તર આપે છે **‘उप्पन्नेइ वा’** બીજી વખત તે પ્રમાણે જ પૂછે છે- **भयवं किं तत्तं ?** તીર્થંકર ઉત્તર આપે છે **‘ विगमेइ वा’** ત્રીજી વખત તે પ્રમાણે જ પૂછે છે- **भयवं किं तत्तं?** તીર્થંકર ઉત્તર આપે છે **‘धुवेइ वा’**. આ ત્રણ વખત પૂછેલ પ્રશ્નને પ્રશ્નત્રિતય, નિષદ્યાત્રય, ત્રિપદી, માતૃકાપદ વગેરે નામોથી ઓળખાવાય છે.

१ भगवती सूत्र-२३३ वृत्ति; अनुयोगद्वार् सूत्र-४८, ३०९ वृत्ति.
२ स्थान सूत्र-३६०, ४५९ वृत्ति; अनुयोगद्वार् सूत्र-३०९ वृत्ति; आवश्यक-निर्युक्ति २१ वृत्ति; नन्दीसूत्र सूत्र-१५९ वृत्ति.
३ ओघ निर्युक्ति-१ वृत्ति ४ अनुयोगद्वार् सूत्र-४८,३०९ वृत्ति ५ आवश्यक निर्युक्ति-५४३-५५४; कल्पसूत्र सुबोधिका-टीका
६ दशवैकालिक निर्युक्ति-८ वृत्ति; स्थान सूत्र-३१६ वृत्ति; आवश्यक निर्युक्ति-७३५ मलयगिरि वृत्ति; आवश्यक निर्युक्त्ति-७३५चूर्णि; पर्यूषणाकल्प सूबोधिका व्याख्यान-६ टीका; पर्यूषणाकल्प कल्पकिरणावलि व्याख्यान-६ टीका; विशेषावष्यक भाष्य २०८४ वृत्ति

આ ત્રણ નિષદ્યાના ઉત્તરરૂપે પ્રાપ્ત **'उप्पन्नेइ वा, विगमेइ वा, धुवेइ वा** રૂપ ત્રિપદીથી એ (ભાવિ) ગણધરને ગણધરનામકર્મનો ઉદય થાય છે, તેઓને ઉત્કૃષ્ટ મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાન પ્રાપ્ત થાય છે. ત્યારે અંતર્મુહુર્તમાં તે ગણધરો દ્વાદશાંગીની રચના કરે છે.

**✷ इन्द्रभूति गौतम द्वारा द्वादशांगी रचना ●➔**

[૧]ગૌતમસ્વામીએ ત્રણ-નિષદ્યા વડે ૧૪ પૂર્વો ગ્રહણ કર્યાં તે આ પ્રમાણે- ઇન્દ્રભૂતિ ગૌતમે દીક્ષા લઇ ભગવંત મહાવીરને એક પ્રદક્ષિણા કરી, પગે પડીને તત્વ શું છે? એમ પ્રશ્ન પૂછ્યો (એ થઇ પહેલી નિષદ્યા). એ જ પ્રમાણે એ પ્રશ્ન દ્વારા 'તત્ત્વ' જાણવા માટે ત્રણ વખત જિજ્ઞાસા વ્યક્ત કરી. [*આ ત્રણ પ્રશ્નોત્તરને શાસ્ત્રીય ભાષામાં નિષદ્યા કહે છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય રૂપ આ ત્રણ માતૃકાપદો અર્થાત્ ત્રણ નિષદ્યા વડે* ] ગૌતમસ્વામીને પૂર્વબદ્ધ ગણધર-નામકર્મનો ઉદય થયો, ઉત્કૃષ્ટમતિ અને શ્રુત-જ્ઞાનને પ્રાપ્ત થયા. તેઓએ મુહુર્તમાત્રમાં (૧૧ અંગસૂત્રો અને ૧૪ પૂર્વોની) દ્વાદશાંગીની રચના કરી, વીર-પ્રભૂના પ્રથમ ગણધરરૂપે પ્રતિષ્ઠા પામ્યા.

**✷गणधर-पद प्रतिष्ठा अने द्वादशांगीनी अनुज्ञा ●➔**

[૨]જ્યારે (ગૌતમ) ગણધર પૂર્વભાવિત મતિથી બાર અંગની રચના કરે છે ત્યારે ભગવંત (મહાવીર) તે દ્વાદશાંગીની અનુજ્ઞા કરે છે, તે આ પ્રમાણે — તે વખતે શક્ર-ઇન્દ્ર દિવ્ય વજ્રરત્નમય થાળને દિવ્ય ચૂર્ણ વડે ભરીને ભગવંત પાસે જાય છે, ભગવંત સિંહાસનથી ઉભા થઈને તે ગંધચૂર્ણની પ્રતીપૂર્ણ મુષ્ટિ ગ્રહણ કરે છે, તે સમયે (ગૌતમ) ગણધર કંઈક નમીને ઉભા રહે છે, ત્યારે દેવો ગીત અને વાજિંત્રોના શબ્દો રોકે છે, ત્યારે ભગવંત મહાવીર 'હું દ્રવ્ય-ગુણ-પર્યાય વડે અનુજ્ઞા કરૂં છું' એમ કહીને ગૌતમ સ્વામીને મસ્તકે ગંધચૂર્ણનો ક્ષેપ કરે છે. (આ રીતે ગૌતમસ્વામીની ગણધર રૂપે પ્રતિષ્ઠા તથા દ્વાદશાંગીની અનુજ્ઞા થઈ.)

**✷ आगमोना विभागो ●➔**

પ્રત્યેક કર્મભૂમિમાં, કોઈપણ કાળમાં, કોઇપણ તીર્થંકરના શાસનમાં 'આચાર' થી 'દૃષ્ટિવાદ' સુધી ૧૨ અંગ સૂત્રો નિયત જ હોય છે, જેને [૩]'અંગપ્રવિષ્ટ' શ્રુત કહે છે. તેને શાસ્ત્રકાર [૪]દ્વાદશાંગી કે દ્વાદશાંગીગણિપિટક કહે છે. આ દ્વાદશાંગી પ્રવાહની અપેક્ષાએ શાશ્વત છે. [૫](કેમકે નંદી સૂત્રકારશ્રી જણાવે છે કે ) "આ દ્વાદશાંગ-ગણિપિટક ભૂતકાળમાં હતી, વર્તમાનમાં છે, ભાવિમાં પણ રહેશે, તે ધ્રુવ છે, નિયત છે, શાશ્વત છે, અક્ષય છે, અવ્યય છે, અવસ્થિત છે, નિત્ય છે" અર્થાત આગમનો 'અંગપ્રવિષ્ટ' વિભાગ તો હંમેશા હતો જ, છે અને રહેશે.

આરંભમાં આગમનો એક જ વિભાગ હોયછે - 'અંગપ્રવિષ્ટ'. પછી તેનો બીજો વિભાગ થાય તે 'અંગ-બાહ્ય' તીર્થંકરને ત્રણ વખત 'તત્ત્વ શું છે?' એમ પૂછતા પ્રાપ્ત થયેલ ઉત્તરરૂપ ત્રિપદીથી ઉત્પન્ન શ્રુત તે 'અંગ પ્રવિષ્ટ' અને પ્રશ્ન પૂછ્યા વિના અર્થ-પ્રતિપાદનરૂપે કહેવાયેલ શ્રુત તે 'અંગબાહ્ય' અથવા 'અનંગપ્રવિષ્ટ'

અથવા 'વિશેષાવશ્યકભાષ્ય'ની ભાષ્યગાથા ૫૫૦ ની ટીકામાં જણાવ્યા મુજબ સર્વે તીર્થંકરોના તીર્થમાં અવશ્ય ઉત્પન્ન થનારું અને તેથી કરીને નિયત એવું શ્રુત તે 'અંગપ્રવિષ્ટ' અને જે શ્રુત અનિયત છે અર્થાત્ જેનો અન્ય-અન્ય તીર્થમાં સદ્ભાવ હોવો જ જોઈએ એવો નિયમ નથી તે અંગબાહ્ય. આ રીતે આગમના બે વિભાગ કહ્યા અંગપ્રવિષ્ટ, અંગબાહ્ય.

અહીં એક પ્રશ્ન થાય કે **'अंग' एटले शु?**

(આગમ) શ્રુતને પુરુષની ઉપમા આપવામાં આવી છે. જેમ પુરુષને બે પગ, બે જંઘા, બે ઉરુ (સાથળ), છાતી અને પેટ-રૂપ બે ગાત્રાર્ધ, બે બાહુ, એક ડોક અને એક મસ્તક એમ બાર અંગો હોય છે, તેમ શ્રુતરૂપ પુરુષને **'आयार'** વગેરે બાર અંગો છે. આમ શ્રુતરૂપ પુરુષોના અંગોમાં પ્રવેશેલ (અંગરૂપ) હોવાથી તે 'અંગપ્રવિષ્ટ' છે અને એ શ્રુતરૂપ પુરુષથી અલગ રહેલ શ્રુત તે 'અંગબાહ્ય' છે,

१ आवश्यक निर्युक्ति-७३५ चूर्णि; पर्युषणाकल्प कल्पकिरणावलि व्याख्यान-६ टीका. २ आवश्यक निर्युक्ति-७३५ वृत्ति.
३ नंदी सूत्र-१३८ जोगनन्दी-१, ४ समवाय सूत्र-१, २१५; अनुयोगद्वार् सूत्र-४६ ५ नन्दी सूत्र-१५७, ६ नंदी सूत्र-४४

આગમના આ બે વિભાગ એ રીતે પણ કહી શકાય કે ગણધરોએ રચેલું (સાક્ષાત્ સૂત્રરૂપે ગૂંથેલ) શ્રુત તે 'અંગ-પ્રવિષ્ટ' અને સ્થવિરોએ રચેલું--અર્થના પ્રતિપાદનથી ઉત્પન્ન શ્રુત તે 'અંગબાહ્ય' કહેવાય છે.

આ અંગપ્રવિષ્ટસૂત્રોના ૧૨ ભેદો છે. ૧આચાર, ૨-સૂત્રકૃત્, ૩-સ્થાન, ૪-સમવાય, ૫-વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ, ૬-જ્ઞાતાધર્મકથા, ૭-ઉપાસકદશા, ૮-અંતકૃત્-દશા, ૯-અનુત્તરોપપાતિકદશા, ૧૦-પ્રશ્નવ્યાકરણ, ૧૧-વિપાક શ્રુત, અને ૧૨-દૃષ્ટિવાદ. આ ૧૨ અંગસૂત્રો સિવાયના સર્વે આગમ સૂત્રો 'અંગબાહ્ય' આગમ સૂત્રો કહેવાય છે.

જે પ્રમાણે શ્રુતના ભેદને આશ્રીને આગમના બે ભેદ કહ્યા ૧, અંગપ્રવિષ્ટ અને ૨, અંગબાહ્ય. તે પ્રમાણે શ્રુતના બીજાપ્રકારના બે ભેદને આશ્રીને આગમના પણ બે ભેદ થાય છે- [૧] ગમિક અને [૨] અગમિક.

[1][૧] ગમિક-- જેમાં ભાંગા અને ગણિત-આદિ ઘણા હોય અથવા જેમાં સમાન પાઠ ઘણા હોય તેને ગમિક શ્રુત કહે છે. જેમ કે- 'દૃષ્ટિવાદ'.

[૨] અગમિક-- જે ગાથાઓ અને અસદ્દેશ પાઠ રૂપ હોય તે આગમને અગમિક શ્રુત કહે છે. જેમકે 'કાલિકશ્રુત'.

## ❁❁❁ જાણીતી કથાની અજાણી વાતો ❁❁❁

'આગમો'માં કેટલાક કથાનકોની વાતો આપણા માટે તદ્દન અજાણી છે. કેટલીક કથાઓ એવી પણ છે જે લોકો સમક્ષ જે રીતે પ્રસ્તુત થતી આવી છે તેના કરતાં 'આગમો'માં કંઇક અલગ સ્વરૂપે પણ જોવા મળેલ છે. આપણી 'આગમ-યાત્રા'માં તેને પણ સામીલ કરીએ].

❁ ચિલાતિપુત્ર કથા ➔ રાજગૃહી નામે નગરી હતી. ત્યાં ધન્ય નામે સાર્થવાહ રહેતો હતો. ધન્યને પાંચ પુત્રો અને સુંસુમા નામે એક પુત્રી હતી. તેમને ત્યાં ચિલાત નામે નોકર હતો, જે ચિલાતિપુત્ર નામે પ્રસિદ્ધ હતો. તે બાળકના કુલક્ષણોને કારણે તેને ધન્યસાર્થવાહે ઘરમાંથી કાઢી મૂક્યો. તે મોટો થતાં ચોર સેનાપતિ બની ગયો.

કોઈ વખતે તે 'ચિલાત' ચોરસેનાપતિએ તેના ૫૦૦ ચોરોની સાથે રાજગૃહીમાં ધન્યસાર્થવાહને ઘેર ધાડ પાડી, ધન્યને ત્યાંથી સોનું, રૂપું, હીરા, મોતી, ધન વગેરે બધું લૂંટી લીધું, સાથે-સાથે 'સુંસુમા'ને પણ ઉઠાવી ગયો. ત્યારે ધન્ય, તેના પાંચ પુત્રો અને નગરરક્ષકોએ તેમનો પીછો કર્યો. નગરરક્ષકોએ ચિલાતના ૫૦૦ ચોરોને હત-મથિત કરી દીધાં.

તે સમયે ચિલાત ચોરસેનાપતિ ભયભીત અને ત્રસ્ત થઇ ગયો. સુંસુમા કન્યાને લઈને તે એક નિર્જન અને લાંબા માર્ગવાળી અટવીમાં ઘુસી ગયો. તેનું પગેરું દબાવતા-દબાવતા ધન્ય સાર્થાવાહ અને તેના પાંચ પુત્રો તેની ઘણી નજીક આવી ગયા. ત્યારે નિસ્તેજ, નિર્બળ અને પરાક્રમહીન થયેલ ચિલાત ચોરસેનાપતિને સમજાયુ કે હવે તે સુંસુમાને વહન કરવા માટે સમર્થ નથી. ત્યારે બીજો કોઈ ઉપાય ન જણાતા તેણે સુંસુમાનું મસ્તક છેદી નાંખ્યું,

[2]ત્યારપછી તે ચિલાત તે નિર્જન અને લાંબી અટવીમાં ભૂખ અને તરસથી પીડાઈને માર્ગ ભૂલી ગયો, સિંહગુફા ચોરાપલ્લી સુધી પહોંચ્યા પહેલા માર્ગમાં જ મૃત્યુ પામ્યો. [*આ જ છે જાણીતી કથાની અજાણીવાત કે ચિલાતીપુત્ર આર્તધ્યાનથી મૃત્યુ પામી દુર્ગતિમાં ગયો.*] જ્ઞાતાધર્મકથામાં આગળ લખે છે ભગવંત મહાવીરે આ ધર્મકથાને અંતે ઉપદેશ આપતા કહ્યું કે "હે આયુષ્યમાન્ શ્રમણો! જેઓ મુંડ થઇ, ગૃહવાસ ત્યજી અને અણગાર પ્રવ્રજ્યા સ્વીકાર્યા પછી પણ –x—x—x—ઔદારિક શરીરના વર્ણ, રૂપ, બળ અને વિષયોમાં લેપાય છે, તેઓ આ લોકમાં ઘણી જ અવહેલાનાના પાત્ર બને છે યાવત્ ચાર ગતિરૂપ સંસાર-કાંતારમાં ભટકે છે, જે રીતે તે ચિલાતીપુત્ર ભટક્યો.

[આ હતી જ્ઞાતાધર્મકથામાં આવતી ચિલાતીપુત્ર-કથા. જ્યારે વ્યવહાર પ્રસિદ્ધ કથામાં ચિલાતી 'ઉપશમ-વિવેક-સંવર' પદ પામી તે પદોનું ચિંતન કરે છે, અઢી રાત્રી-દિવસ કાયોત્સર્ગે સ્થિર થઇ કીડીઓ દ્વારા થયેલ ઉપસર્ગ સહેતા દેવલોક પામ્યા.

[3] આ બીજા પ્રકારના કથાનકના પ્રમાણ પણ મળે જ છે, જે અહીં ફૂટનોટમાં અમે નોંધેલા છે.]

१ नंदी सूत्र-१२९, १३६ मूल एवं वृत्ति; विशेशावश्यक भाष्य- ५४९ एवं वृत्ति. २ ज्ञाताधर्मकथा अध्ययन-१८ 'सुंसुमा.

३ आवश्यक निर्युक्ति- ८७१ से ८७६ वृत्ति; मरणसमाधि-४२८ से ४३१; व्यवहार भाष्य-४४१९ वृत्ति, जितकल्प भाष्य-५३३ वृत्ति; आचार चूर्णि पृष्ठ-१३९;, संस्तारक- ८५; आवश्यक चूर्णि भाग-१ पृष्ठ- ४९७,४९८. भक्तपरिज्ञा-८८

❁ દ્વાદશાંગી વિચ્છેદ ➔

દ્વાદશાંગીને નંદી-સૂત્રકારશ્રીએ તો શાશ્વત કહી છે તો અહીં 'દ્વાદશાંગીનો વિચ્છેદ' એવું શીર્ષક કેમ?

દ્વાદશાંગી પ્રવાહથી શાશ્વત કહી છે, પણ કોઈ એક તીર્થની અપેક્ષાએ તેનો વિચ્છેદ થઇ શકે છે. જેમ- વર્તમાન તીર્થમાં દશે ગણધરો પોતાનો પરિવાર છેલ્લે સુધર્મા ગણધરને સોંપીને ગયા તેથી તે પૂર્વ-પૂર્વના ગણધરની દ્વાદશાંગી સૂત્રથી વિચ્છેદ પામી.

એ પ્રમાણે વિચારતા કહી શકાય કે જે વખતે ૧૭૦ તીર્થંકરો હતા ત્યારે પ્રત્યેક તીર્થંકરોના ગણધરની એક-એક દ્વાદશાંગી હોય જ. આજે તેમાંની એક પણ પ્રાપ્ત નથી. સારાંશ એ કે જે કોઈ તીર્થંકરનું શાસન બદલાય તેના શાસનમાં પ્રવર્તતી દ્વાદશાંગી સૂત્રથી વિચ્છેદ પામે છે. જ્યારે તીર્થનો ઉચ્છેદ થાય છે ત્યારે તો સૂત્ર અને અર્થ બંનેથી દ્વાદશાંગી વિચ્છેદ પામે છે.

**सुधर्मास्वामीनी द्‌वादशांगीनी हानि-**

સુધર્માસ્વામીની દ્વાદશાંગી, તેઓની પરંપરામાં ભદ્રબાહુસ્વામી સુધી ચાલુ રહી, પછી ૧૨ વર્ષનો દુકાળ પડ્યો. શ્રુત ભૂલાતું ચાલ્યું, ત્યારે માત્ર સ્થૂલભદ્રમુનિ જ ભણવા રહ્યા, તેઓ દશ પૂર્વનો સૂત્રાર્થ ભણ્યા, પણ છેલ્લા ચાર 'પૂર્વ' માત્ર સૂત્રથી જ ગ્રહણ કર્યાં. પછી દશ પૂર્વોનું શ્રુત જ રહ્યું. છેલ્લા દશપૂર્વધર વજ્રસ્વામી થયા. તેમની પરંપરામાં આર્યરક્ષિતસૂરી થયા, તેઓએ સાડાનવ પૂર્વ સુધીનું આગમશ્રુત પ્રાપ્ત કર્યું.

કાળક્રમે દુકાળો પડ્યા, ભિક્ષાપ્રાપ્તિ દુર્લભ થઇ, શ્રુત વિસરાતું ગયું. પછી એક તરફ સ્કંદિલાચાર્યની નિશ્રામાં શ્રમણ સંઘ મળ્યો, જેમને જે-જે સ્મરણમાં હતું તે-તે શ્રુત એકઠું કર્યું, બીજી તરફ નાગાર્જુનની નિશ્રામાં શ્રમણ સંઘ મળ્યો, ત્યાં પણ શ્રુત સંગ્રહ થયો. કાલાંતરે દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ થયા તેઓ એક પૂર્વના ધારક હતા, ત્યારે પણ દુષ્કાળ પડેલો. ઘણું-ઘણું શ્રુત નાશ પામેલું, તેમની નિશ્રામાં પણ શ્રુત સંગ્રહ થયો. ત્રુટિત-અત્રુટિત આગમોના જે જે આલાપકો મળ્યા, તેને પોતાની બુદ્ધિ વડે સંકલિત કર્યાં. [*ભગવતી શતક ૨૦, ઉદ્દેશ ૮ ટીકા*] મુજબ ભગવંતમહાવીરના નિર્વાણના ૧૦૦૦ વર્ષ પછી પૂર્વગત શ્રુત સંપૂર્ણ નાશ પામ્યું.

## ❁ आगम वचनामृत ➔

[આચાર, સૂત્રકૃત, ઉત્તરાધ્યયન, દશવૈકાલિક, પયન્ના સૂત્રો વગેરે આગમોમાં અનેક સૂત્રોમાં બોધક વચનોનો ખજાનો છે, આવા વચનો અને તેનો અર્થવિસ્તાર અહી રજુ કર્યો છે,]

**तहा गिरं समारब्भ, अत्थि पुण्णंति नो वए |अहवा नत्थि पुण्णं ति, एवमेय महब्भयं || सूत्रकृतांग १/११/-/५१३**

ભગવંત અહીં સાધુ-સાધ્વીને ઉદ્દેશીને ફરમાવે છે કે- કોઈ એમ પૂછે કે "અમુક કાર્યમાં પુણ્ય છે કે નહીં?" ત્યારે 'પુણ્ય છે' એમ પણ ન કહે, 'પુણ્ય નથી' એમ પણ ન કહે, આ બંને જવાબો પરિણામે અનર્થને કરનારા છે.

જેમ કોઈ અન્નદાન માટે દાનશાળા ખોલે, તે ગૃહસ્થ કોઈ સાધુને પૂછે કે- "મને આ દાનશાળાથી પુણ્ય.થશે કે નહીં?" ત્યારે સાધુ ભગવંત એમ કહે- "હા! તમને આ દાનશાળાથી પુણ્ય થશે," તો તે દાનશાળા ચલાવતા ત્રસ સ્થાવર જીવની હિંસા થશે, તેથી આત્મગુપ્ત સાધુ જીવોના સંરક્ષણ માટે "પુણ્ય થશે એમ ન બોલે જો સાધુ ભગવંત એમ કહે- "તમને દાનશાળાથી પુણ્ય નહીં થાય." તો ધર્મબુદ્ધિથી જેમના માટે આ આહાર-પાણી બનાવાય છે, તેમને ભોજનના લાભમાં અંતરાય થશે. તેથી "પુણ્ય નહીં થાય" એમ પણ ન બોલે

નિષ્કર્ષ:-પરમાર્થથી અજાણ સાધુ-સાધ્વી દાનશાળા કે પાણી-પરબ વગેરે અનેક જીવને ઉપકારી છે, તેમ માની પ્રશંસે તો ઘણાં જીવોની હિંસાને અનુંમોદે અને આગમના સદ્ભાવથી અજાણ જેઓ દાનશાળાદિને નિષેધે, તે અગીતાર્થ છે, કેમકે તેઓ પ્રાણીની આજીવિકા છેદે છે. *વર્તમાન સંદર્ભમાં વિચારો તો*- મહામાંગલિક, પ્રવેશ, પારણા, પત્રિકાઓ, શાસન પ્રભાવનાના નામે થતા આરંભ-સમારંભો, ચૈત્યવાસી માફક કરાતા ઉપાશ્રય-જિનાલયો અને આ બધા કરતાં પણ આગળ, પોતાના થકી કરાતી આવી કોઈ પણ પ્રવૃત્તિ માટે થતાં બચાવો !!! શું આ વચનામૃતમાંથી આપણે કંઈ પ્રેરણા લઈશું?